**-: રે.દી.મુ. નં ૨૪/૨૦૨૨ ના કામે આંક-૧ લગત હુકમ :-**

આજરોજ  સદર કામે પોકાર કરતા વાદીના વિ.વ.શ્રી હાજર છે અને તેઓએ સદર કામમાં રજુઆત કરતા જણાવેલ છે કે, સદર કામે આંક-૩૪ થી દાવો વિડ્રો કરવા બાબતેની પુરશીસ રજુ કરેલ છે અને જેથી સદર કામ વિડ્રો પુરશીસ આધારે હુકમ માટે પેન્ડીગ છે.

વાદી તર્ફે ની રજુઆત બાદ દાવાનુ રેકર્ડ જોતાં સદર કામે આંક-૩૪ થી વિડ્રો પુરશીસ રજુ કરેલ છે અને જેમાં વાદીએ જાહેર કરેલ છે કે, "હાલના તબક્કે આ કામના પ્રતિવાદીઓ અમો વાદીની દાવાવાળી વિવાદી મિલકતમાં કોઇ હેલો હરકત કરતા નથી, જેથી આ તબક્કે અમો વાદીને સદર દાવો આગળ ચલાવવો નથી, તેથી સદર દાવા અરજી હાલના તબક્કે ઉપરોક્ત કારણોસર  વિડ્રો કરીએ છીએ જે વિડ્રો પુરશીસ થી જાહેર થાય છે", આમ સદર કામના વાદી ધ્વારા હાલનો દાવો બિનશરતી વિડ્રો કરવા માટે ની જાહેરાતા આંક-૩૪ થી પુરશીસ થી કરેલ છે જે વિડ્રો પુરશીસ તા.૨૭/૦૬/૨૦૨૪ ના રોજ રજુ રાખવામાં આવેલ છે અને જે લગત મારા પુરોગામી ન્યાયાધીશ શ્રી ધ્વારા વિડ્રો પુરસીસ લગત "રીકોર્ડેડ" કરી પોતાની સહી કરેલ છે અને જેથી સદર કામ વાદી વિડ્રો કરવા માંગતા હોય, હાલનો દાવો વિડ્રોથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૧૦/૦૬/૨૦૨૬

સ્થળ : કડાણા/દિવડા કોલોની

જયેશ વાલજીભાઇ ચૌહાણ
પ્રીન્સીપાલ સીવીલ જજ, કડાણા
કડાણા / દિવડા કોલોની
Judge Code No.GJ01431